ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૩૩/૨૧-૨૨/ ૨૪૭૫ તારીખ : 24 SEP 2021

આર.પી.એ.ડી.

પ્રતિ,
મહાલક્ષ્મી માઈન્સ,
ગણપતભાઈ અંબાલાલ પટેલ,
એફ-૧૦૧, સૌંદર્યા-૪૪૪,
ખ-રોડ, વાસણા હડમતીયા,
ગાંધીનગર.
મો.નં-૯૮૯૮૫ ૨૪૨૧૬.

કેસ નં.૩૩/૨૧-૨૨

**વિષય :** અમારા ખર્ચે ટ્રાન્સફોર્મર બદલી અન્ય ફીડરમાંથી પાવર આપવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૨૬/૦૭/૨૦૨૧ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૮/૦૭/૨૦૨૧.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૧-૨૨/૨૩૦૧ તા.૦૨/૦૮/૨૦૨૧.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૧-૨૨/૨૬૨૨ તા.૦૩/૦૯/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૬/૦૯/૨૦૨૧ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણ:- ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

નકલ રવાના:-
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ કેઈસ નંબર – ૩૩/૨૧–૨૨ ☜

વાદી :– મે.મહાલક્ષ્મી માઈન્સ (ગણપતભાઈ અંબાલાલ પટેલ)

◈ વિરૂધ્ધ ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ રજુઆતની તારીખ:– તા.૧૬/૦૯/૨૦૨૧ ◈

હાજર રહયા :– શ્રી ગણપતભાઈ અંબાલાલ પટેલ (વાદી ના પ્રોપ્રાઈટર)

પ્રતિવાદી :– શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે.મહાલક્ષ્મી માઈન્સ, મું.જામવાડી, તા.થાનગઢ, જી.સુરેન્દ્રનગર ની અમારા ખર્ચે ટ્રાન્સફોર્મર બદલી અન્ય ફીડરમાંથી પાવર આપવા બાબત ની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૩૩/૨૧–૨૨ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૩૩/૨૧–૨૨/૨૩૦૧ તા.૦૨/૦૮/૨૦૨૧ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૧૬/૦૯/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી મે.મહાલક્ષ્મી માઈન્સ ના પ્રોપ્રાઈટર શ્રી ગણપતભાઈ અંબાલાલ પટેલ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એચ.પી.રાવળ, કાર્યપાલક ઈજનેર,વિભાગીય કચેરી, સુરેન્દ્રનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆત:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ શ્રી ગણપતભાઈ અંબાલાલ પટેલ, મહાલક્ષ્મી માઈન્સ ના નામેથી ગ્રાહક નં–૧૮૭૦૯ થી ૪૦૦ કેવીએ નું એચ.ટી.વિજ જોડાણ થાનગઢ તાલુકા ના જામવાડી ગામે ખાતે ધરાવે છે.

૧.૨ વાદી દ્વારા તા.૫/૫/૨૦૨૧ ના રોજ થાનગઢ પેટા વિભાગીય કચેરી ખાતે અલગ ફીડર માંથી વિજ પુરવઠો આપવા માટે ની અરજી આપવામાં આવેલ હતી.

૧.૩ વાદી થાનગઢ તાલુકાના જામવાડી ગામે સર્વે નં–૨૫ માં સીલીકા સેલ માઈનીંગ લીઝ નો સરકાર દ્વારા આપેલ મંજૂરી મુજબ મહાલક્ષ્મી માઈન્સ ના નામેથી વ્યવસાય કરે છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૪ વાદીને વિજ કનેકશન નો પાવર બાંડીયાબેલી ૧૧ કે.વી. જ્યોતિગ્રામ ફીડરમાંથી આપેલ છે. તેમજ આ ફીડરમાંથી અન્ય ૫ (પાંચ) ગામને પણ વિજ પુરવઠો આપવામાં આવેલ છે. બાંડીયાબેલી ૧૧ કે.વી.જ્યોતિગ્રામ ફીડર માં લાંબી વિજ લાઈન અને ગ્રામ્ય વિસ્તાર આવતો હોવાથી, વારંવાર ટ્રીપીગ આવે છે. જેના લીધે વિજ પુરવઠો બંધ થતા પ્રોડકશન માં નુકશાન થવા પામે છે. ફીડર બંધ થતા તેને ફરી ચાલુ કરવા માટે ૩ થી ૪ કલાક જેટલો સમય લાગે છે. જેનાથી ધંધો રોજગાર ખોરવાઈ જવાથ કામદારો ને બેઠા બેઠા પગાર આપવો પડે છે. જેથી, કંપની ને નુકશાન થાય છે. વાદી દ્વારા કંપની માં વપરાશ માં આવેલ મશીનરી નું મરામત પણ કરેલ છે તેમ જણાવે છે.

૧.૫ વાદીએ બાંડીયાબેલી ૧૧ કે.વી. જ્યોતિગ્રામ ફીડરમાંથી સમયસર અને પૂરતો અવિરત વિજ પુરવઠો નહી મળવાથી અન્ય ફીડર કે જે ૮૦૦ થી ૯૦૦ મીટર દૂર આવેલ ૧૧ કે.વી. અર્બન ફીડર જામવાડી માંથી પાવર મળે તે માટે અરજી કરેલ છે.

૧.૬ આમ વાદી દ્વારા ૧૧ કે.વી.અર્બન ફીડર જામવાડીમાંથી પાવર મળે તો તેઓને જે નાણાંકીય નુકશાન થવા પામે છે તે બાબતનું નિરાકરણ આવી શકે, તેમજ અનિયમિત વીજ પુરવઠો મળવાના કારણે થયેલ આર્થિક નુકશાનનું વળતર મેળવવા દાદ માંગેલ છે.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજૂઆત છે કે,</u>**

૨.૧ વાદીના એચ.ટી વિજ જોડાણ ને પાવર બાંડીયાબેલી ૧૧ કે.વી. જ્યોતિગ્રામ ફીડરમાંથી આપેલ છે. તેમાંથી સમયસર અને પૂરતો અવિરત વિજ પુરવઠો નહી મળતા હોવાથી અન્ય ૧૧ કે.વી. અર્બન જામવાડી ફીડર માંથી પાવર આપવા માટે રજૂઆત પેટા વિભાગીય કચેરી થાનગઢ ખાતે કરેલ.

૨.૨ વાદીશ્રી મહાલક્ષ્મી માઈન્સ ના નામેથી ૪૦૦ કેવીએ નું જામવાડી ગામે સર્વે નંબર ૧૨૫ માં એચ.ટી.વિજજોડાણ જેનો ગ્રાહક નં–૧૮૭૦૯ છે. સદર વિજ જોડાણ તા.૨/૧૨/૨૦૨૦ ના રોજ રીલીઝ કરવામાં આવેલ હતું. જે વિજ કનેકશન વાદી થાનગઢ તાલુકાના જામવાડી ગામે ખાતે ધરાવે છે.

૨.૩ સદર વિજ જોડાણ ને થાન સબ સ્ટેશનમાંથી નીકળતા ૧૧ કે.વી. બાંડીયાબેલી ફીડરમાંથી પાવર આપવામાં આવેલ છે.

૨.૪ ૧૧ કે.વી. બાંડીયાબેલી ફીડર સદર વિજ જોડાણ વાળી ટેઈપ લાઈન ડુંગરાળ તથા વીડ વિસ્તારમાંથી પસાર થાય છે. તથા સદર વીડ વિસ્તારમાં અસામાજીક તત્વો દ્વારા અવાર નવાર લાઈન સાથે ચેડા કરી લાઈન ના વિજ પુરવઠામાં વિજ વિક્ષેપ કરે છે. આથી,સદર બાંડીયાબેલી ફીડર નું મેઈન્ટેનન્સ કરાવેલ હોવા છતાં, તેમાં સતત ટ્રીપીગો આવતા જ રહે છે. જેની માહિતી પણ આ સાથે જોડેલ છે.

૨.૫ નાયબ ઈજનેર થાન દ્વારા સદર વિજ જોડાણ ને જ્યોતિગ્રામ ફીડર માંથી ૧૧ કે.વી.જામવાડી અર્બન ફીડરમાં ફેરવવા માટેની દરખાસ્ત પ્રોજેકટ નંબર–૩૩૪૭૩૧ તા.૨૪/૨/૨૦૨૧ થી એસ.આઈ સ્કીમમાં કરેલ. કારણ કે, સદર ૧૧ કે.વી.બાંડીયાબેલી જેજીવાય નો સદર વિસ્તાર કે જે વીડમાંથી પસાર થાય છે તે વિસ્તારમાં અન અધિકૃત રીતે લાઈન નીચે ટ્રાન્સફોર્મર મૂકી વિજ ચોરી કરતા હોવાથી માથા ભારે માણસો દ્વારા થતી વિજ ચોરી અટકાવવા માટે એસ.આઈ સ્કીમ માં પ્રોજેકટ બનાવીને મૂકેલ. જેના માટે કુલ ૦.૭૫૦ કી.મી. નવી એચ.ટી. લાઈન અને વિડમાંથી પસાર થતી લાઈન આશરે ૧.૨૫ ડીસ મેન્ટલીગ કરવાની દરખાસ્ત બનાવેલ પરંતુ

Consumer Grievances Redressal Forum P.G.V.C.L. Bhavnagar

એસ.આઈ સ્કીમ માં બજેટ ન હોવાથી મંજૂર થઈ શકેલ નથી. પરંતુ, કી.મી.પ્રતિવાદી દ્વારા રજૂઆત કરેલ છે કે, તેઓ જામવાડી વિસ્તારમાં રહેતા હોય તેમને બાજુમાંથી પસાર થતા ૧૧ કે.વી.જામવાડી અર્બન ફીડરમાંથી વિજ પુરવઠો આપવામાં આવે તથા તેઓ તેનો અંદાજપત્રક ભરપાઈ કરી આપવા પણ સહમત છે.

૨.૬ ૧૧ કે.વી. જામવાડી અર્બન ફીડર માં જામવાડી ગામ તથા એલટીએમડી ના ૯, એચ.ટી. ના ૩, તથા એનઆરજીપી ના ૩૨ વિજ જોડાણો જામવાડી ગામના સર્વે નંબર વાળા હયાત છે. તથા જામવાડી ગામ થાન સીટી વિસ્તાર ને અડીને આવેલ છે. તથા જામવાડી અર્બન ફીડરમાં આવેલા કેટેગરી વાઈઝ વિજ કનેકશન ની યાદી આ સાથે સામેલ છે.

૨.૭ વધુમાં જણાવવાનું કે, એચ.ટી વિજ ગ્રાહકોની વિજ કનેકશન આપ્યા બાદ ફીડર બદલી શકાય નહી. તેથી, પ્રતિવાદી ની રજૂઆત અનુસંધાને ૧૧ કે.વી. બાંડીયાબેલી ફીડર નું મેઈન્ટેનન્સ અત્રેના તાબા હેઠળ ની થાન પેટા વિભાગીય કચેરી દ્વારા કરી આપવામાં આવેલ છે.

૨.૮ કોઈપણ એચ.ટી. વિજ ગ્રાહકને જે તે સમયે લાઈન અને ફીડર સર્વે કરી જરૂરી લાઈન બાબતની શકયતાઓ તપાસી અર્બન કે જેજીવાય ફીડરમાંથી પાવર આપવામાં આવે છે. જો વિજ કનેકશન આપ્યા બાદ જો ફીડર બદલવામાં આવે તો વિજ કંપની ને નાણાંકીય નુકશાન થવા પામે છે. જેથી, ફીડર બદલી શકાતો નથી. તેમજ ફીડર બદલી નહી આપવા માટેનો નિગમીત કચેરી દ્વારા પરિપત્ર નં– PGVCL/R&C/6239 dtd. 15.07.2016 માં જણાવેલ છે. જેની નકલ આ સાથે સામેલ છે. જેથી, ફરીયાદીને અન્ય ફીડરમાંથી પાવર આપી શકાય તેમ નથી. જે આપ સાહેબની જાણ સારૂં.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar
*

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી મે.મહાલક્ષ્મી માઈન્સ ના માલીક ગણપતભાઈ એ.પટેલ એ ગામ જામવાડી તા.થાન માં ગ્રાહક નં–૧૮૭૦૯ થી ૪૦૦ કેવીએ નું એચ.ટી વિજ જોડાણ ધરાવે છે. વાદી માઈનીંગ ને સંબંધિત રેતી દળવાનો ધંધો કરે છે.

૩.૨ વાદીની ફોરમને રજૂઆત છે કે, તેઓને ૧૧ કે.વી. બાંડીયાબેલી જયોતિગ્રામ ફીડરમાંથી વિજજોડાણ આપવામાં આવેલ છે. પરંતુ, આ જયોતિગ્રામ ફીડર ની લંબાઈ વધારે હોવાથી, અને ગ્રામ્ય વિસ્તાર હોવાથી,વારંવાર લાઈન ફોલ્ટ થાય છે. તેના કારણે ૩–૪ કલાક વિજપુરવઠો બંધ રહે છે. જેથી,તેઓને નુકશાન થાય છે.

૩.૩ વાદીની રજૂઆત છે કે, હાલ તેઓને બાંડીયાબેલી જયોતિગ્રામ ફીડરમાંથી વિજ પુરવઠો આપેલ છે, તેના બદલે ૧૧ કે.વી. જામવાડી અર્બન ફીડરમાં કે જે આશરે ૯૦૦ મીટર જેટલું છે. તેમાંથી વિજ પુરવઠો આપવો.

૩.૪ વાદીએ તેમની લેખિત રજૂઆત માં ફોરમને જણાવેલ કે, જામવાડી અર્બન ફીડરમાંથી વિજ પુરવઠો લેવા માટે જે ખર્ચ થાય તેઓ પીજીવીસીએલ ને ભરવા તૈયાર છે. પરંતુ, આજરોજ સુનાવણી દરમિયાન વાદીએ ફોરમને જણાવેલ છે કે, અર્બન ફીડરમાંથી વિજ પુરવઠો લેવા માટે થતો લાઈન ચાર્જ તેઓ ભરવા તૈયાર નથી અને તેથી પીજીવીસીએલ ના ખર્ચે તેઓને અર્બન ફીડરમાંથી વિજ પુરવઠો આપવો.

૩.૫ પ્રતિવાદીએ ફોરમને જણાવેલ છે કે, તેઓની કોર્પોરેટ કચેરી નો પત્ર રજૂ કરેલ છે તે મુજબ કોઈપણ હયાત એચ.ટી. કનેકશન ને તેમના હયાત ફીડરમાંથી બીજા ફીડરમાં ફેરવવાં નહી.

૩.૬ વધુમાં પ્રતિવાદીએ રજૂઆત કરેલ છે કે, જે તે સમયે જયારે એચ.ટી.કનેકશન આપવામાં આવે છે ત્યારે, યોગ્ય સર્વે કરી અને લાઈન ની શકયતા ઓ તપાસી, વિજ જોડાણ આપવામાં આવે છે. તેમજ વાદીનું વિજ જોડાણ જામવાડી ગામે રેવન્યુ લીમીટ માં આવતુ હોય, વાદીને જ્યોતિગ્રામ ફીડરમાંથી વિજ પુરવઠો આપવામાં આવેલ છે.

૩.૭ ઉપર મુજબ ના અવલોકન તેમજ ફોરમ સમક્ષ થયેલ બન્ને પક્ષો ની રજૂઆત ને ધ્યાનમાં રાખતા, એવું તારણ કાઢવામાં આવે છે કે, વાદીનો હયાત એચ.ટી વિજ જોડાણ જામવાડી ગામની રેવન્યુ લીમીટમાં છે. તેથી, વાદીને જયોતિગ્રામ ફીડરમાંથી વિજ જોડાણ આપવામાં આવેલ છે. વાદીની રજૂઆત ને ગ્રાહય રાખી શકાય તેમ નથી.

૩.૮ પ્રતિવાદીને હુકમ કરવામાં આવે છે કે, વાદીના જયોતિગ્રામ બાંડીયાબેલી ફીડર નું સંપૂર્ણપણે મેઈન્ટેનન્સ કરાવી વાદીને સતત વિજ પુરવઠો મળે તેવા પગલા લેવા.

P.G.V.C.L. Bhavnagar

**-:: હુકમ ::-**

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ અને ૩.૮ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એ.એ.જાડેજા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર.વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :– **૧૬/૦૯/૨૦૨૧.**